વેચાણ દસ્તાવેજ

મોજે ગામ	વેચાણ દસ્તાવેજ રૂા.	સ્ટેમ્પ રૂા.
અંદાડા	રૂા.	રૂા.

ડી. ભરૂચ સબ ડી. તા. અંકલેશ્વરના મોજે ગામ અંદાડાની હદમાં આવેલ રહેણાંકના હેતુસરની બીનખેતીની જમીન પર આવેલ **અક્ષર આઈકોન્સ** નામે સંકુલમાં ______ **માળ** ઉપર **આવેલ ફલેટ નંબર–** ________નો વેચાણ દસ્તાવેજ**રૂા.**
અંકે રૂપિયા . પુરાનો....

વેચાણ રાખનાર	જાતે	ઉ.આ.વ.	ધંધો	રહેવાસી
.	.	.	.	.
PAN NO:- .				
MO. NO:- .				

વેચાણ આપનાર	જાતે	ઉ.આ.વ.	ધંધો	રહેવાસી
અક્ષર ઈન્ફ્રા નામે ભાગીદારી પેઢીના				
PAN NO:- ABBFA 5016 E				
વહીવટકર્તા ભાગીદારો પૈકીના ભાગીદાર				
રમેશકુમાર છગનભાઈ પડશાળા	હિન્દુ	૫૨	ખેતી/	બી/૧૦૩, નંદનવન
PAN NO:- ABUPP 0575 E			વેપાર	એપાર્ટમેન્ટ, સુમુલડેરી રોડ,
				સુરત

જત આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં હવે પછી વેચાણ રાખનારને વેચાણ રાખનાર અથવા લખી લેનાર અથવા તમો અથવા પહેલા પક્ષવાળા તરીકે સંબોધવામાં આવ્યા છે. જયારે વેચાણ આપનારને વેચાણ આપનાર અથવા લખી આપનાર અથવા હમો અથવા બીજા પક્ષવાળા તરીકે સંબોધવામાં આવ્યા છે. જેના અર્થમાં પક્ષકારો તથા પક્ષકારોનાં વંશ–વાલી–વારસો–સકસેસરો એસાઈનીઓ–ટ્રાન્સફરીઓ –એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

ડીસ્ટ્રીકટ ભરૂચ તાલુકે અંકલેશ્વરના મોજે ગામ અંદાડાના **સર્વે નંબર–૩૪૭** વાળી બીનખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ **૧૬૦૦૦–૦૦ ચો.મી.** છે. તે જમીનમાં રહેણાંકના હેતુ માટેની આયોજીત યોજના, જે હાલમાં **"અક્ષર આઈકોન્સ"** ના નામથી ઓળખાય છે તે આયોજનમાં ______ **માળ** ઉપર આવેલ **ફલેટ નંબર–** ________થી નોંધાયેલ ફલેટ કે જેનું વિગતે વર્ણન નીચે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે, તે મિલ્કત (કારપેટ એરીયા ________) અમો બીજા પક્ષનાની સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટા અને વહીવટ, વપરાશની હોવાથી તેમજ અમો બીજા પક્ષના સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીત, લાગભાગ, કે અધિકાર ન હોવાની તમોને પાકી ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપવાથી સદરહું મિલ્કત તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષના પાસેથી વેચાણ રાખેલી છે, જે મિલ્કત હમોએ તમારા સિવાય બીજા કોઈને વેચાણ આપેલી નથી. સદરહું મિલ્કત કોઈપણ બેંક–શ્રોફ–પેઢી– વ્યકિત–સંસ્થા–નિગમ–મંડળી –સોસાયટી વગેરેના હકક–હીસ્સા–દારદાવા–લાગભાગ કબજા ભોગવટા–કબજા હકક –ઈન્ટરેસ્ટ તર તકરાર વગેરે બોજા વગરની છે. તે મિલ્કત હમોએ તમોને કુલ **રૂા.** (અંકે રૂપિયા . પુરા) ની બજાર કિંમત નકકી કરી આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલ છે.

..........૨/–

વેચાણ આપનારની સહી **વેચાણ રાખનારની સહી**

________________ ________________

વેચાણ આપેલ મિલ્કતની અવેજની વિગત નીચે મુજબ છે.

રૂા. .
રૂા. .
રૂા. .
રૂા. .

રૂા. કુલ રકમ

અને એ રીતે અવેજના રૂપિયા રૂા. તમોએ હમોને પુરેપુરા અને તમામ નાણા ઉપરની વિગતે આપી દીધા છે. તે હમોને મળી ગયા છે. પહોંચી ગયા છે તેની હમો આથી પહોંચ સ્વીકારીએ છીએ.

હમોએ તમોને **માળ** ના ભાગમાં આવેલ **ફલેટ નંબર–** ની અંદરના બાંધકામ વાળો ભાગ જ તમોને વેચાણ આપેલ છે. તે સિવાય ફલેટની આજુબાજુ ઉપર નીચેના ભાગે આવેલ અન્ય બાંધકામો, મજલાઓ, ટેરેસીસ, ફલેટો તથા બાંધકામો ઉપરની આકાશ તરફ આવેલ ખુલ્લી જગ્યાઓની માલીકી, કબજા ભોગવટા બીજા અન્ય જે તે માલીકોના સહીયારા છે.

હવેથી સદરહું ફલેટના સ્વતંત્ર માલીક મુખત્યાર, પ્રત્યક્ષ, કબજેદાર ભોગવટેદાર તમો તથા તમારા વંશ–વાલી–વારસો છો. સદરહું દસ્તાવેજના આધારે ફલેટ અંગેના જેટલા હકકો તમોને મળ્યા છે, પ્રાપ્ત થયા છે તેટલા જ હકકોની મર્યાદામાં રહીને જ બીજાને ગીરો, વેચાણ, બક્ષીશ, ટ્રાન્સફર, તબદીલ, એસાઈન, ઉપયોગ, ઉપભોગ, વહીવટ, વ્યવસ્થા, રીપેરીંગ, કરવાને, કરાવવાને તમો તથા તમારા વંશ–વાલી–વારસો માલીક મુખત્યાર છો, તેમાં હમો કે હમારા સકસેસરો–એસાઈનીઓ– ટ્રાન્સફરીઓ –એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો– એકઝીયુટરો ઈત્યાદી તમામને કોઈપણ જાતનો હીસ્સા– દરદાવા–લાગભાગ–કબજા ભોગવટા, કબજા હકક –ઈઝમેન્ટ હકક– ઈન્ટરેસ્ટ હકક –તર તકરાર, વાધા, વચકો, અવરોધ, વિરોધ, અંતરાય નહી છતા કોઈ કરે, કરાવે તો તે આથી રદબાતલ છે.

સદરહું રે. સર્વે નંબર–૩૪૭ વાળી જમીન કે જેનો ક્રમાંક : ભુમી/બી.ખે./વશી/૨૨૭૫, કલેકટર કચેરી, (ચીટનીશ શાખા) ભરૂચ તરફથી તા. ૧૩/૪/૨૦૧૫ ના રોજથી બીનખેતી ઉપયોગની થયેલ છે. તેમજ કાર્યપાલક ઈજનેરની કચેરી ભરૂચ (મા.અને મ.) વિભાગની પરમીશન ક્રમાક : જા.નં.સીબી/૧/૨૬૩૯, તા. ૪/૫/૨૦૧૫ થી સરકારી ગટરનું બાંધકામ કરવા તથા તેના ઉપરથી જમીન ઉપર જવા માટે પરવાનગી મળેલ છે. તેમજ ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ તરફથી બાંધકામ કરવા અંગેની પરવાનગી નં. ૫૪૬ કે જેનો ક્રમાંક : બૌડા/બાંધકામપરવાનગી /વશી/૧૪૪૬/ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ ભરૂચ, તા. ૭–૫–૨૦૧૫ થી પરમીશન મળેલ છે.

ત્યારબાદ સદરહું રે. સર્વે નંબર–૩૪૭ વાળી જમીન હમો વેચાણ આપનારે, ચંદ્રિકાબેન દેવરાજભાઈ પટેલતે નિલેશભાઈ લાલજીભાઈ પટેલના પત્ની વિગેરે પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નંબર–૪૨૬૫, તા. ૧૩–૫–૨૦૧૫ થી વેચાણ રાખેલી છે.

........૩/–

વેચાણ આપનારની સહી **વેચાણ રાખનારની સહી**

ત્યારબાદ સદરહું રે. સર્વે નંબર–૩૪૭ વાળી જમીન, રીવાઈઝડ એન.એ. ક્રમાંક : ભુમી/રી. પ્લાન/વશી/૪૦૧૪ કલેકટર કચેરી, (ચીટનીશ શાખા), ભરૂચ તરફથી તા. ૯–૫–૨૦૧૬ ના રોજથી રીવાઈઝડ પરવાનગી મળેલ છે. તેમજ તેમજ ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ , ભરૂચ તરફથી રીવાઈઝડ બાંધકામ કરવા અંગેની પરવાનગી નં. ૯૦૧ કે જેનો ક્રમાંક : બૌડા/બાંધકામપરવાનગી /વશી/૩૧૨૫ થી ૩ ૧૪૫, તા. ૨–૧૨–૨૦૧૬ થી પરમીશન મળેલ છે.

સદરહું ઉપરોકત બંને એન.એ. ઓર્ડર તથા બાંધકામ રજાચીઠ્ઠીની તમામ શરતોનું પાલન તેમજ મા. અને મ. ખાતાની તમામ શરતોનું પાલન તમો વેચાણ લેનારે કરવાનું રહેશે.

ભવિષ્યમાં સરકારશ્રીને જો કોઈ જમીન સંપાદનમાં આપવાની થાય તો સોસાયટીના તમામ સભ્યોએ બીન શરતી, બીન અવેજે સહી–સંમતિ આપવાની છે જે તમામને બંધનકર્તા છે. તેમજ ભવિષ્યમાં લાગુ જમીનને આવવા–જવા માટે રસ્તો–આપવાનો થાય તો તમામ સભ્યોએ બીનશરતી બીન અવેજે સહી–સંમતિ આપવાની છે જે તમામને બંધનકર્તા છે.

આ સંકુલના તમામ મેમ્બરો (બંગલા, ફલેટસ, દુકાન–ઓફિસના સભ્યો) એ ભવિષ્યમાં એક વહીવટી સોસાયટી બનાવવાની રહેશે અને તે સોસાયટી જે કોઈ નિયમો બનાવે તે તમામ સભ્યોને બંધનકર્તા રહેશે. સોસાયટી વહીવટી ખર્ચ, મેન્ટેનન્સ ખર્ચ, રીપેરીંગ ખર્ચ વગેરેની વહેંચણી–હાલમાં કે ભવિષ્યમાં જે રીતે નકકી કરવામાં આવે તે રીતે ભાગે પડતા આપવાના રહેશે.

ભવિષ્યમાં સરકારશ્રી તથા કોઈપણ સરકારી ખાતા તરફથી જે કોઈ નિતિ–નિયમ લાગુ કરવામાં આવે તે તમામ દરેક સભ્યને બંધનકર્તા રહેશે અને તે તમામનો ખર્ચ તેમણે ભોગવવાનો રહેશે.

આ મિલ્કત વેચાણ રાખનાર સાથે આજસુધી જે કોઈ બાનાખત કે કરાર કરેલ હોય તે આ દસ્તાવેજ થતા હવેથી રદબાતલ રહેશે. તેમજ વેચાણ રાખનારે વેચાણ અવેજ ઉપરાંત નિયમ અનુસાર સર્વિસ ટેક્ષ અલગથી ચૂકવવાનો છે.

સદરહું વેચાણ આપેલ મિલ્કતમાં લાઈટ કનેકશન, પાણી કનેકશન,ગટર કનેકશન, વિગેરે જે કાંઈ કનેકશનો છે તેવા તમામ કનેકશનો, અંગે જે કાંઈ સંયુકત ખર્ચ થાય તે તમામ ખર્ચ તમો વેચાણ રાખનારે ભાગે પડતો ભોગવવાનો રહેશે.

હવેથી સદરહું ફલેટને હમો કે હમારા વંશ–વાલી–વારસો–સકસેસરો એસાઈનીઓ ટ્રાન્સફરીઓ–એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તરફથી હરકત હીલ્લો થાય અને તેથી કરીને તમારા કબજામાંથી જાય તો તેના જવાબ હમો તથા હમારા સકસેસરો– એસાઈનીઓ– ટ્રાન્સફરીઓ–એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામ, તમો તથા તમારા વંશ–વાલી–વારસો ઈત્યાદી તમામને જવાબ, હમો તમોને દઈએ સહી.

ભવિષ્યમાં સદર બિલ્ડીગના ઉપરના ભાગમાં આવેલ મંજુર થયેલ નકશા મુજબ બાકી પડતી બેલેન્સ (એફ.એસ.આઈ.) નું જયારે પણ બાંધકામ કરવાનું થાય ત્યારે તમામે તમામ ફ્લેટ હોલ્ડરોએ તથા તમામે તમામ દુકાન હોલ્ડરોએ કોઈપણ જાતનો વાંધો, વચકો, અવરોધ, અંતરાય કરવાના નથી. અને જો કરીએ તો સદર દસ્તાવેજ થકી રદબાતલ અને નીર્થક ગણાશે. તથા બેલેન્સ (એફ.એસ.આઈ.) તથા તેની ઉપરના ભાગમાં આવેલ ટેરેસની માલીકી હમો વેચાણ આપનારની રહેશે.

........૪/–

વેચાણ આપનારની સહી | **વેચાણ રાખનારની સહી**

સદરહું ફલેટની આજુબાજુ, ઉપરના ભાગે આવેલા બાંધકામો, ફલેટની ઉપર આકાશ તરફ આવેલ ધાબુ યાને કે સ્લેબ, અગાશી, ટેરેસીસના ભાગો કે આજુબાજુના બાંધકામો કે જે વેચાણ આપેલી ફલેટ વાળી આખી મિલ્કતોના કોઈપણ કોમન ભાગ હીસ્સા ગણાતા હોય તે તમોને વેચાણ આપેલ નથી. એટલે કે ફકત ફલેટની અંદરના બાંધકામવાળો ભાગ જ વેચાણ આપેલ છે. એટલે કે ફકત ફલેટની અંદરના બાંધકામવાળા ભાગ પુરતા જ તમો સ્વતંત્ર માલીક મુખત્યાર છો. તે સિવાય પાર્કીગની જગ્યા, ખુલ્લી જગ્યા, રસ્તાઓની, માર્જીનની ખુલ્લી જમીનો, અન્ય બાંધકામો, તેમજ બાંધકામોની ઉપરની ખુલ્લી જગ્યા, મજલા, ધાબા, ટેરેસીસ, પેસેજીસ, દાદર વગેરે ઉપર માલીકી કબજા ભોગવટા તમામ ફલેટ હોલ્ડરો, હકક ધારણ કરનારાઓ, માલીકોના ભેગા સંયુકત છે .

સદરહું ફલેટને તમોએ કાયમ માટે વાપરવાને પાત્ર સારી હાલતમાં તમારા ખર્ચે અને જોખમે રાખવાનો છે. સદરહું ફલેટવાળા બીલ્ડીંગને કે આજુબાજુના ફલેટો, મિલ્કતોને નુકશાન થાય નહી, તે રીતે ઉપયોગ ઉપભોગ કરવાનો રહેશે.

તમો ખરીદ લેનારાઓએ મજકુર સંકુલ અંગેની ખરીદીના દસ્તાવેજો, પ્લાન, નકશાઓ, ખાતાકીય મંજુરીઓ વિગેરે જાયેલા છે તપાસેલા છે. તથા સદરહું ફલેટની પુરતી ચકાસણી, માપ, વિગેરેનું ઈન્સપેકશન કરી, કરાવી તેને મંજુર રાખી સદરહું વેચાણ રાખેલ છે અને તેની આથી કબુલ સ્વીકારીને ફલેટનો પ્રત્યક્ષ કબજો ભોગવટો લીધો છે કે જેથી ભવિષ્યમાં ફલેટ અંગે કે તેમાં વાપરેલી ચીજ વસ્તુઓ અંગે તર તકરાર, વાંધો વચકો, હરકત, હીલ્લો, અવરોધ કાંઈપણ કરવાનો નથી છતા કોઈ કરે તો તે આથી રદબાતલ છે.

સદરહું વેચાણ આપેલ ફલેટ નંબર વાળા બિલ્ડીંગના તમામ સભ્યોએ આર.સી.સી. સ્ટ્રકચરમાં પોતાની રીતે કોઈપણ જાતનું કાર્ય કરવાનું નથી. અને જો કરવાનું થાય તો તેની મંજુરી સોસાયટી ઓફીસ તથા સરકારી લાગુ પડતી ઓર્થોરીટી પાસેથી લેવાની રહેશે. જો પરવાનગી લીધા વગર કોઈ કાર્ય કરશે અને તેમ કરતા બિલ્ડીંગમાં કોઈપણ જાતનું નુકશાન થાય તો તેની તમામ જવાબદારી જે તે સભ્યની રહેશે.

સદરહું ફલેટની ખરીદીની કિંમત કે તેથી વધુ રકમના આગ, લુંટ, ધરતી કંપ, કુદરતી, બીન કુદરતી, માનવ, સર્જીત આફતોના વિમા તમોએ કાયમ માટે સમયસર અને નિયમીત લેવાના છે. તેના પ્રિમીયમ પણ તમોએ કાયમ માટે અને સમયસર અને નિયમીત ભરપાઈ કરવાના છે. ઉપરોકત આફતોને કારણે થતા કોઈપણ પ્રકારના ખર્ચ કે નુકશાની વિગેરેની જવાબદારી ફકત વેચાણ રાખનારની રહેશે સહી.

સદરહું મિલ્કત તદન ચોખ્ખા ટાઈટલવાળી છે. જેના ઉપર કોઈપણ વ્યકિત પેઢી–સોસાયટી –નિગમ મંડળીનું દેવું કે બોજો નથી તેમજ તેના ઉપર કોઈના ખોરાકી પોષાકીના હકકો પોષાતા નથી કે હાલમાં ચાલુ જારી નથી. સદરહું મિલ્કત ઉપર કોઈપણ જાતનું હુકમનામું થયેલ નથી કે બજેલ નથી કે હાલમાં ચાલુ જારી નથી. સદરહું મિલ્કત ટાંચમાં જપ્તીમાં કે અવલ જપ્તીમાં આવેલ નથી.

સદરહું ફલેટવાળી બિલ્ડીંગની અડીને તથા સંકુલમાં જે કાંઈ માર્જીનની રોડ, અંગેની ખુલ્લી જગ્યા જમીનો આવેલી હોય તથા બીજા જે કાંઈ કોમન પેસેજ, દાદર, સીડી, પેસેજીસ, આંતરિક રસ્તાઓ આવેલા હોય તેનો ઉપયોગ અન્ય મિલ્કતદારો, કબજેદારો, ફલેટ હોલ્ડરો, હકક ધારણ કરનારાઓ સાથે એક બીજાને અવરોધ–અંતરાય નહી થાય તે રીતે વાપરવાનાં છે. આવવા જવા, વાહનો, કનેકશનો વિગેરે લાવવા લઈ જવાના છે. રસ્તાઓ, માર્જીનની જમીનો, બીજી અન્ય ખુલ્લી જમીનો, કોમન હોલ તથા બીજી અન્ય મિલ્કતો તથા કોમન પેસેજીસ, દાદર, સીડી વગેરેના માલીકી કબજા ભોગવટા વગેરે તમામ ફલેટ હોલ્ડરોના સંયુકત રહેશે.સદરહું સર્વે નંબરની જમીનના આંતરિક રસ્તા ડેવલપ કરવા માટે સરકારી ઓર્થોરીટીને સુપ્રત કરવા પડે તો તે બીનઅવેજે બીન તકરારે વેચાણ રાખનારે સુપ્રત કરી, તેમાં જોઈતી સહી–સંમતી કબુલાત, ખાત્રી આપવાની છે.

.........૫/–

<u>**વેચાણ આપનારની સહી**</u>   <u>**વેચાણ રાખનારની સહી**</u>

________________   ________________

સદરહું રહેણાંકના હેતુ માટેના ફલેટની માલીકી (કે જેનો સુપર બિલ્ટઅપ એરીયા ________________)તમો વેચાણ રાખનારની આ દસ્તાવેજથી થાય છે. આ અગાઉ જે જે હકકો અને જવાબદારી હમો વેચાણ આપનારની હતી તે તમામ આ દસ્તાવેજની તારીખથી તમો વેચાણ રાખનારની ગણાશે.

સદરહું ફલેટવાળા બીલ્ડીગમાં કે બીલ્ડીગ અંગે જે કાંઈ કોમન પાણીની ટાંકી, ગટર, નળ, દાદર, સીડી, માર્જીનની જમીન, ટોપ ફલોરની ઉપર આવેલ અગાસી હોય તેની સાચવણી, રીપેરીગ, જાળવણી, સ્ટ્રીટ લાઈટ, કોમન પ્લોટ, કોમન હોલ, ગાર્ડન, રસ્તાઓ, લીફટો, સફાઈ, મેઈનટેનન્સ, ડેવલપમેન્ટ, વગેરે અંગે જે કાંઈ સામુહીક ખર્ચાઓ થાય કે કરવા પડે તે અંગે જે કાંઈ બીલ આવે કે ચોકીદાર, સાફ સફાઈ કરનાર અન્ય કારીગરો વગેરે અંગેના પગારો ચુકવવાના થાય કે આપવાના થાય કે બીજા કોઈપણ જાતના નાણા, ખર્ચાઓ, આપવાના થાય તો તેમાં તમોએ કાયમ માટે તે ભાગે પડતા આપવાના છે, તથા જોઈતા સાથ, સહકાર ,મદદ, આપવાનાં છે, અને જો તેમ નહી આપો તો અન્ય માલીકો, ફલેટ હોલ્ડરો, કબજેદારો, વગેરે તમામ તમારી પાસે તમારા ખર્ચે અને જોખમે વસુલ લેવાને હકકદાર છે અને રહેશે સહી, તેમા તમારી તર તકરાર નહી અને કરો તો આ કરારના આધારે રદબાતલ છે.

સદરહું ફલેટનું તળીયુ હાલમાં જે હાલતમાં છે તે જ હાલતમા તમારે કાયમ માટે રાખવાનું છે. ફલેટના સ્લેબમાં તમોએ કોઈ ખાડા, ખોદકામ, કરવાના નથી પરંતુ ટાઈલ્સ વગેરે બદલાવી હશે તો બદલાવી શકશો. સદરહું ફલેટની અંદર ઉપર આકાશ તરફ જે સ્લેબ આવેલ છે તેમાં પણ તમોએ ખોદકામ ફેરફાર કરવાનાં નથી. પરંતુ સ્લેબમાં સીલીંગ—લાઈટ—પંખા—હુકસ—ડેકોરેશન વિગેરે ફીટ કરી શકશો. સદરહું ફલેટની રાસીયા દિવાલો હાલમા જે હાલતમાં છે તે જ હાલતમાં કાયમ રાખવાની છે. રાસીયા દિવાલોનું જરૂરી રીપેરીંગ લાગુ હકકદાર, ફલેટ હોલ્ડરો, મિલ્કતદાર વિગેરેએ સાથે મળી સમજીને કરવાનું છે. સદરહું ફલેટને તમોને કાયમ માટે સારી હાલત અને વાપરવાને પાત્ર રાખવાની છે. જો તેમ કરવામાં કસુર કરશો તો આજુબાજુવાળા ફલેટ હોલ્ડરો, તથા મિલ્કતદારો તમારા હિસાબે અને સદરહું રીપેરીંગ કરાવશે અને તે અંગેના સઘળા ખર્ચ તમોએ ભરપાઈ કરી આપવા પડશે. જો તે કરવામાં કસુર કરશો તો તથા ખર્ચ —નુકશાન—નુકશાની સહીત વસુલ કરવાને અન્ય માલીકો હકકદાર છે. તેમાં તમારી કે તમારા વંશ—વાલી—વારસોની તકરાર નહીં અને જો કરે તો તે આથી રદબાતલ છે.

હાલમાં અગર ભવિષ્યમાં જે કાંઈ બાંધકામો થાય કે રીપેરીંગો—રંગરોગાનો થાય તે વખતે તમામ માલીકો કબજેદારોએ એક બીજાને જોઈતા સાથ—સહકાર—મદદ —સહયોગ આપવાનાં છે. પાલખ, દોરડા, વાંસ, વડીઓ વિગેરે બાંધવા દેવાનાં છે. તેમાં તમારી કે તમારા વંશ—વાલી —વારસોની વિગેરેની કોઈપણ જાતની તર તકરાર રહેશે નહી. અને કોઈ કરે તો તે રદબાતલ છે.

સદરહું ફલેટના ઉપરના ભાગે, સ્લેબની ઉપરના ભાગે કે સંકુલમાં જે તે માલીકો ભોગવટેદારો બાંધકામો કરે તે બાંધકામોનું છાપરા, ધાબા, અગાસી, ટેરેસીસ વગેરેના વરસાદના પાણી રસ્તા તરફ વાળવા માટે તથા લાવવા માટે જે કાંઈપણ પાઈપ્સ, ફીટીંગ્સ વગેરે ફલેટની દિવાલો ઉપર મુકવા પડે તો તે તમારે કાયમ માટે મુકવા દેવાના છે અને અન્ય સેનીટેશન, ઈલેકટ્રીફીકેશન અંગેની ફીટીંગો, ટેલીફોન, ટી.વી., કેબલ ટી.વી., લાઈટ, પાણી, ગટર, ગેસ વિગેરે સુવિધાઓ અંગેના વાયરો, કનેકશનો તથા પાઈપ્સ, ફીટીંગ્સ, અંગલો, હુકસ વગેરે તમામ ફલેટની ભીતો પર તથા કોમન પેસેજીસ, દાદાર, સીડી, રસ્તાઓમાં કાયમ માટે લગાડવા માટેની તમોએ આથી કબુલાત આપી છે, તે માટે કાંઈપણ આડખીલી, હરકત હીલ્લો વગેરે તમો કે તમારા વંશ—વાલી—વારસોએ ઉઠાવવાના નથી અને ઉઠાવશે તો તે આથી રદબાતલ છે.

........ક/—

<u>વેચાણ આપનારની સહી</u>   <u>વેચાણ રાખનારની સહી</u>

________________   ________________

સદરહું ફલેટ તથા ફલેટની સાથે લખી આપવામાં આવેલી અનડીવાઈડેડ શેર ઓફ લેન્ડની જમીન, કોમન રોડ રસ્તાની જમીન ના ટેક્ષીસ–શેષવેરા હાઉસ ટેક્ષ–શિક્ષણ વેરા એકત્રીત વેરા–જનરલ વોટર ટેક્ષ–ડ્રેનેજ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, સ્ટેમ્પ ડયુટી, બિનખેતી વેરો, ઈમ્પેકટ ફી, બીજા શેષવેરા– સ્થાનિક કરવેરા વિગેરે હવે પછીના અમલમાં હોય તે, વધારાઓ થાય તે, ભવિષ્યમાં નવા અમલમાં આવે તે તમામ તમો વેચાણ રાખનારે ભરપાઈ કરવાનાં છે. સદરહું ફલેટ અંગેના આજદીન સુધીના ટેક્ષીસ–રકમ–બોજાઓ શેષવેરાઓ ચાર્જ–લીયન– વિગેરે તમામ અંગેની કાયદેસરની જવાબદારી હમારી હતી, તે હમોએ ભરી દીધા છે.

ભવિષ્યમાં કુદરતની કોઈપણ જાતની આફત આવે તો તેવા સંજોગોમાં આસમાની સુલતાની થાય અને હોનારત થાય, ધરતી કંપ થાય અને સદરહું બાંધકામવાળી બીલ્ડીગ પડી જાય અથવા તો તેને નુકશાન થાય તો તે વખતે લાગુ મજલાઓના હકક ધારણ કરનારા અને આજુબાજુના ફલેટ હોલ્ડરોના હકકોને નુકશાન થાય નહી તે રીતે જરૂરી ખાતાકીય મંજુરી લઈને આર્કીટેકટ તથા સ્ટ્રકચર એન્જીનીયરના અભિપ્રાય મુજબ બાંધકામ કરવાનું રહેશે. અને તે અંગેના સઘળા ખર્ચ વિગેરે ફલેટ હોલ્ડરો તથા કબજેદારો તથા હકક ધારણ કરનારાઓ વિગેરેએ મળી સમજીને કરવાના રહેશે. અને તે માટે દરેકે સહકાર–સહયોગ–મદદ કરવાની રહેશે અને ખર્ચનો પોતાના ફાળે આવતો હીસ્સો દરેક સભ્યોએ ભોગવવાનો રહેશે અને ભરપાઈ કરી આપવાનો રહેશતેમાં તમારા કે તમારા વંશ–વાલી–વારસોની તર તકરાર હરકત હીલ્લો નહી અને કોઈ કરે તો તે કાયદેસર રદબાતલ છે.

હવેથી સદરહું મિલ્કત સરકારી દફતરે–રેવન્યુ દફતરે–તલાટી દફતરે–પંચાયત દફતરે–મામલતદાર દફતરે– સોસાયટીના દફતરે તથા સ્થાનિક સંસ્થાના દફતરે તમારા નામ ઉપર દાખલ કરાવવા તથા લાઈટ કનેકશન ડી.જી.વી.સી.એલ.માં, તમારા નામ ઉપર દાખલ કરાવવા આ દસ્તાવેજના આધારે તમારા ખર્ચે અને જોખમે તમોએ કરાવવાના છે અને તે માટે ભવિષ્યમાં અગર જયારે અને જયા હમારી કે હમારા સકસેસરો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, એડમીનીસ્ટ્રેટરો, એકઝીકયુટરો,વંશ– વાલી– વારસો વગેરેની સહી–સંમતિ કબુલાત વગેરેની જરૂર પડે તે તમામ અમોએ આપવાના છે, અપાવવાના છે.

સદરહું વેચાણ આપેલી મિલ્કતમાં કોઈપણ જાતના ગેરકાયદેસર, ગેર કાનુની તથા ફલેટવાળા બિલ્ડીગને કે આજુબાજુ ઉપર નીચેના ભાગે આવેલ મિલ્કતોને નુકશાન–ન્યુસન્સ થાય તેવા કૃત્યો કરવાના નથી. સદરહું મિલ્કતમાં જલ્દીથી સળગી ઉઠે એવા અન્ય હાનિકારક પદાર્થ કે માલસામાન વેચાણ લેનાર રાખી શકશે નહી. સદરહું સંકુલમાં તથા ફલેટવાળા બિલ્ડીગમાં, આવેલ કોઈપણ કોમન પેસેજીસ, દાદર, સીડી, ટેરેસીસ, રસ્તાઓ, માર્જીનની જમીનોમાં વિગેરેમાં કોઈપણ જાતનું તમોએ કે બીજાઓએ દબાણ–અવરોધ–અંતરાય, હેરાનગતી, પરેશાની વિગેરે કાંઈપણ કરવાના નથી.

સદરહું **"<u>અક્ષર આઈકોન્સ</u>"** સંકુલમાં હાલમાં કે ભવિષ્યમાં જે કોઈ નિતી નિયમો બનેલ હોય કે બનાવવામાં આવે તેવા તમામ નિતી નિયમોને આધીન રહીને તમો વેચાણ રાખનારે તમામ નિતી નિયમોનું પાલન કરવાનું છે. જો તેમ કરવામાં તમો વેચાણ રાખનાર કસુર કરો તો તે અંગેની તમામ જવાબદારી તમો વેચાણ રાખનારની રહેશે.

ગટર પાણીના નિકાલ માટે અક્ષર આઈકોન્સ સંકુલમાં આવેલ તમામ સગવડો, પાઈપ લાઈનો, કાયમ માટે ચાલુ હાલતમાં રાખવાની રહેશે અને તે માટે સાફ, સફાઈ તથા યથા યોગ્ય જાળવણી તથા રીપેર અને મેઈનટેનન્સ કરવાની રહેશે. અને તે માટે કરવો પડતો તમામ ખર્ચ અક્ષર આઈકોન્સના દરેક સભ્યોએ ભાગે પડતો તથા સરખે હીસ્સે કરવાનો રહેશે.

ઉપરોકત મિલ્કત પેટેના પાણી, ગટર, લાઈટ વિગેરે તમામના વપરાશી ચાર્જ, કનેકશન ચાર્જ, ડીપોઝીટ, બાંધકામ ડીપોઝીટ, લેબર વેલફેર, વિગેરે તમામ ખર્ચ વેચાણ આપનારે ભરેલ છે.

.........૭/–

<u>વેચાણ આપનારની સહી</u> **<u>વેચાણ રાખનારની સહી</u>**

__________________ __________________

સદરહું વેચાણ આપેલ ફલેટની કુલ બજાર કિંમત રૂા.   નકકી કરેલ છે. અને તેના ઉપર પ્રવર્તમાન કાયદા મુજબ ૪.૯૦ % લેખે રૂા.   ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર આ દસ્તાવેજ કર્યો છે. આ સાથે જરૂરી ફોર્મ નંબર–૧ –૩૨ (ક) સામેલ છે.

સદરહું દસ્તાવેજમાં તમામ કાગળોની પાછળની સાઈડ કોરી છે, તે દસ્તાવેજ કરતી વખતની અસલ છે.

વેચાણ આપનાર આદી જાતિના નથી.

આ રજી. વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી–રજી.ફી–રીકવરી સ્ટેમ્પ ડયુટી–દંડ–વસુલાત–સેલ ટેક્ષ વિગેરે તમામ વેચાણ રાખનારના શીરે છે અને રહેશે સહી.

પ રિ શિ ષ્ટ

ડી. ભરૂચ, સબ ડી. તાલુકા અંકલેશ્વર, મોજે ગામ **અંદાડા ની હદમાં,** આવેલ રહેણાંકના હેતુસરની બીનખેતી ઉપયોગની જમીન ઉપર **અક્ષર આઈકોન્સ**નાં નામથી ઓળખાતુ સંકુલ આવેલ છે, જે વિગતે,

મોજે ગામ	**રે.સર્વે નંબર**	**ક્ષેત્રફળ ચો.મી.**
અંદાડા	૩૪૭	૧૬૦૦૦–૦૦

પૈકી ની જમીનમાં **અક્ષર આઈકોન્સ** નામનું સંકુલ આવેલ છે તે પૈકી**બિલ્ડીંગ**ના **માળ** ઉપર આવેલ **ફલેટ નંબર** જેનું **કારપેટ એરીયા ચો.મી.**

બિલ્ટઅપ એરીયા ચો. મી. છે.

આ બાંધકામ કરેલ મિલ્કત અથવા તો જગ્યા, પરંતુ તેની આજુબાજુ, ઉપર નીચે, આગળ, પાછળના ભાગે આવેલ અન્ય ફલેટ, પેસેજ, દાદર, લીફ્ટ, પાણીની ટાંકીઓ, માર્જીન વગેરેની મિલ્કત સિવાય, જેમાં વધુમાં વધુ ૩.૦૦ મીટરની ઉંચાઈ સુધીના બાંધકામ અંગેના માલિકી હકક છે તથા સદરહું મિલ્કતના હીસ્સામાં આવતી વણ–વહેંચાયેલી અને અનડીવાઈડેડ શેર ઓફ લેન્ડની જમીન ________ **ચો.મી.** છે

કે જેની ચતુરદીશા નીચે મુજબ છે.

પુર્વે :–
પશ્ચિમે :–
ઉતરે :–
દક્ષિણે :–

સદરહું રહેણાંકના હેતુ માટેની મકાન મિલ્કતની માલીકી તમો વેચાણ રાખનારની આ દસ્તાવેજથી થાય છે. આ અગાઉ હમોને જે જે હકકો સદરહું મિલ્કત પરત્વે પ્રાપ્ત થયા છે તે તમામ હકકો આ દસ્તાવેજથી તમોને પ્રાપ્ત થાય છે.

.....૮/–

વેચાણ આપનારની સહી **વેચાણ રાખનારની સહી**

________________ ________________

ડી. ભરૂચ સબ ડી. તા. અંકલેશ્વરના મોજે ગામ **અંદાડા**ની સીમમાં **<u>અક્ષર આઈકોન્સ</u>** મધ્યે આવેલ એન.એ. થયેલ બીનખેતીની ખુલ્લી જમીન કે જેનો **<u>રે.સર્વે નંબર–૩૪૭ પૈકી</u>** પૈકી ______ **<u>માળના ભાગ ઉપર આવેલ ફલેટ નંબર–</u>** ______ છે. જેના ફોટા નીચે ચોટાડેલ છે.

<u>વેચાણ આપનારની સહી</u>   **<u>વેચાણ રાખનારની સહી</u>**

______________________   ______________________

આ ફલેટનો રજી. વેચાણ દસ્તાવેજ હમોએ હમારી રાજીખુશીથી વાંચી– વંચાવી– સમજી – વિચારી– માનસીક–શારીરિક બીનકેફ તંદુરરસ્ત હાલતમાં કોઈના પણ કોઈપણ જાતના દાબ–દબાણ સિવાય ઉપર જણાવેલ અવેજની રકમ લઈ આ ફલેટનો વેચાણનો દસ્તાવેજ હમોએ તમોને કરી આપ્યો છે જે હમોને તથા હમારા વંશ–વાલી–વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે, અને રહેશે સહી.

તારીખ :– – –૨૦

અત્રે::સહી

<u>વેચાણ આપનારની સહી</u>

અક્ષર ઈન્ફ્રા નામે ભાગીદારી પેઢીના
વહીવટકર્તા ભાગીદારો પૈકીના ભાગીદાર

____
(રમેશકુમાર છગનભાઈ પડશાળા)

તત્રે:::શાખ

૧) __________________________

૨) __________________________

વેચાણ દસ્તાવેજ

મોજે ગામ	વેચાણ દસ્તાવેજ રૂા.	સ્ટેમ્પ રૂા.
અંદાડા	રૂા.	રૂા.

ડી. ભરૂચ સબ ડી. તા. અંકલેશ્વરના મોજે ગામ અંદાડાની હદમાં આવેલ વાણીજયના હેતુસરની બીનખેતીની જમીન પર આવેલ અક્ષર આઈકોન્સ નામે સંકુલમાં ______ ફલોર ઉપર આવેલ દુકાન નંબર– ______ નો વેચાણ દસ્તાવેજ રૂા.
અંકે રૂપિયા . પુરાનો....

વેચાણ રાખનાર	જાતે	ઉ.આ.વ.	ધંધો	રહેવાસી
.	.	.	.	.
PAN NO:- .				
MO. NO:- .				

વેચાણ આપનાર	જાતે	ઉ.આ.વ.	ધંધો	રહેવાસી
અક્ષર ઈન્ફ્રા નામે ભાગીદારી પેઢીના PAN NO:-ABBFA 5016 E વહીવટકર્તા ભાગીદારો પૈકીના ભાગીદાર રમેશકુમાર છગનભાઈ પડશાળા PAN NO:- ABUPP 0575 E MO. NO:- 99252-21333	હિન્દુ	પર	ખેતી/ વેપાર	બી/૧૦૩, નંદનવન એપાર્ટમેન્ટ, સુમુલડેરી રોડ, સુરત

જત આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં હવે પછી વેચાણ રાખનારને વેચાણ રાખનાર અથવા લખી લેનાર અથવા તમો અથવા પહેલા પક્ષવાળા તરીકે સંબોધવામાં આવ્યા છે. જયારે વેચાણ આપનારને વેચાણ આપનાર અથવા લખી આપનાર અથવા હમો અથવા બીજા પક્ષવાળા તરીકે સંબોધવામાં આવ્યા છે. જેના અર્થમાં પક્ષકારો તથા પક્ષકારોનાં વંશ–વાલી–વારસો–સકસેસરો એસાઈનીઓ–ટ્રાન્સફરીઓ –એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

ડીસ્ટ્રીકટ ભરૂચ તાલુકે અંકલેશ્વરના મોજે ગામ અંદાડાના સર્વે નંબર–૩૪૭ વાળી બીનખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ ૧૬૦૦૦–૦૦ ચો.મી. છે. તે જમીનમાં વાણીજયના હેતુ માટેની આયોજીત યોજના, જે હાલમાં "અક્ષર આઈકોન્સ" ના નામથી ઓળખાય છે તે આયોજનમાં ______ ફલોર ઉપર આવેલ દુકાન નંબર– ______ થી નોંધાયેલ દુકાન કે જેનું વિગતે વર્ણન નીચે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે, તે (કારપેટ એરીયા ______ છે.)મિલ્કત અમો બીજા પક્ષનાની સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટા અને વહીવટ, વપરાશની હોવાથી તેમજ અમો બીજા પક્ષના સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીત, લાગભાગ, કે અધિકાર ન હોવાની તમોને પાકી ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપવાથી સદરહું મિલ્કત તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષના પાસેથી વેચાણ રાખેલી છે, જે મિલ્કત હમોએ તમારા સિવાય બીજા કોઈને વેચાણ આપેલી નથી. સદરહું મિલ્કત કોઈપણ બેંક–શ્રોફ–પેઢી –વ્યકિત–સંસ્થા–નિગમ–મંડળી–સોસાયટી વગેરેના હકક–હીસ્સા–દારદાવા–લાગભાગ કબજા ભોગવટા–કબજા હકક–ઈન્ટરેસ્ટ તર તકરાર વગેરે બોજા વગરની છે. તે મિલ્કત હમોએ તમોને કુલ રૂા. (અંકે રૂપિયા . પુરા) ની બજાર કિંમત નકકી કરી આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલ છે.

..........૨/–

વેચાણ આપનારની સહી **વેચાણ રાખનારની સહી**

______________ ______________

વેચાણ આપેલ મિલ્કતની અવેજની વિગત નીચે મુજબ છે.

રૂા. .
રૂા. .
રૂા. .

રૂા. કુલ રકમ

અને એ રીતે અવેજના રૂપિયા રૂા. અંકે રૂપિયા .
તમોએ હમોને પુરેપુરા અને તમામ નાણા ઉપરની વિગતે આપી દીધા છે. તે હમોને મળી ગયા છે. પહોંચી ગયા છે તેની હમો આથી પહોંચ સ્વીકારીએ છીએ.

હમોએ તમોને ____ ફલોરના ભાગમાં આવેલ દુકાન નંબર– ____ ની અંદરના બાંધકામ વાળો ભાગ જ તમોને વેચાણ આપેલ છે. તે સિવાય દુકાનની આજુબાજુ ઉપર નીચેના ભાગે આવેલ અન્ય બાંધકામો, મજલાઓ, ટેરેસીસ, દુકાનો, ફલેટો તથા બાંધકામો ઉપરની આકાશ તરફ આવેલ ખુલ્લી જગ્યાઓની માલીકી, કબજા ભોગવટા બીજા અન્ય જે તે માલીકોના સહીયારા છે .

હવેથી સદરહું દુકાનના સ્વતંત્ર માલીક મુખત્યાર, પ્રત્યક્ષ, કબજેદાર ભોગવટેદાર તમો તથા તમારા વંશ–વાલી–વારસો છો. સદરહું દસ્તાવેજના આધારે દુકાન અંગેના જેટલા હકકો તમોને મળ્યા છે, પ્રાપ્ત થયા છે તેટલા જ હકકોની મર્યાદામાં રહીને જ બીજાને ગીરો, વેચાણ, બક્ષીશ, ટ્રાન્સફર, તબદીલ, એસાઈન, ઉપયોગ, ઉપભોગ, વહીવટ, વ્યવસ્થા, રીપેરીંગ, કરવાને, કરાવવાને તમો તથા તમારા વંશ–વાલી–વારસો માલીક મુખત્યાર છો, તેમાં હમો કે હમારા સકસેસરો–એસાઈનીઓ– ટ્રાન્સફરીઓ –એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો– એકઝીયુટરો ઈત્યાદી તમામને કોઈપણ જાતનો હીસ્સા– દરદાવા–લાગભાગ–કબજા ભોગવટા, કબજા હકક –ઈઝમેન્ટ હકક– ઈન્ટરેસ્ટ હકક –તર તકરાર, વાધા, વચકો, અવરોધ, વિરોધ, અંતરાય નહી છતા કોઈ કરે, કરાવે તો તે આથી રદબાતલ છે.

'સદરહું રે. સર્વે નંબર–૩૪૭ વાળી જમીન કે જેનો ક્રમાંક : ભુમી/બી.ખે./વશી/૨૨૭૫, કલેકટર કચેરી, (ચીટનીશ શાખા) ભરૂચ તરફથી તા. ૧૩/૪/૨૦૧૫ ના રોજથી બીનખેતી ઉપયોગની થયેલ છે. તેમજ કાર્યપાલક ઈજનેરની કચેરી ભરૂચ (મા.અને મ.) વિભાગની પરમીશન ક્રમાક : જા.નં.સીબી/૧/૨૬૩૯, તા. ૪/૫/૨૦૧૫ થી સરકારી ગટરનું બાંધકામ કરવા તથા તેના ઉપરથી જમીન ઉપર જવા માટે પરવાનગી મળેલ છે. તેમજ ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ તરફથી બાંધકામ કરવા અંગેની પરવાનગી નં. ૫૪૬ કે જેનો ક્રમાંક : બૌડા/બાંધકામપરવાનગી /વશી/૧૪૪૬/ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ ભરૂચ, તા. ૭–૫–૨૦૧૫ થી પરમીશન મળેલ છે.

ત્યારબાદ સદરહું રે. સર્વે નંબર–૩૪૭ વાળી જમીન હમો વેચાણ આપનારે, ચંદ્રિકાબેન દેવરાજભાઈ પટેલતે નિલેશભાઈ લાલજીભાઈ પટેલના પત્ની વિગેરે પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નંબર–૪૨૬૫, તા. ૧૩–૫–૨૦૧૫ થી વેચાણ રાખેલી છે.

........૩/–

વેચાણ આપનારની સહી **વેચાણ રાખનારની સહી**

____________________ ____________________

ત્યારબાદ સદરહું રે. સર્વે નંબર–૩૪૭ વાળી જમીન, રીવાઈઝડ એન.એ. ક્રમાંક : ભુમી/રી. પ્લાન/વશી/૪૦૧૪ કલેકટર કચેરી, (ચીટનીશ શાખા), ભરૂચ તરફથી તા. ૯–૫–૨૦૧૬ ના રોજથી રીવાઈઝડ પરવાનગી મળેલ છે. તેમજ તેમજ ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ , ભરૂચ તરફથી રીવાઈઝડ બાંધકામ કરવા અંગેની પરવાનગી નં. ૯૦૧ કે જેનો ક્રમાંક : બૌડા/બાંધકામપરવાનગી /વશી/૩૧૨૫ થી ૩ ૧૪૫, તા. ૨–૧૨–૨૦૧૬ થી પરમીશન મળેલ છે.

સદરહું ઉપરોકત બંને એન.એ. ઓર્ડર તથા બાંધકામ રજાચીઠ્ઠીની તમામ શરતોનું પાલન તેમજ મા. અને મ. ખાતાની તમામ શરતોનું પાલન તમો વેચાણ લેનારે કરવાનું રહેશે.

ભવિષ્યમાં સરકારશ્રીને જો કોઈ જમીન સંપાદનમાં આપવાની થાય તો સોસાયટીના તમામ સભ્યોએ બીન શરતી, બીન અવેજે સહી–સંમતિ આપવાની છે જે તમામને બંધનકર્તા છે. તેમજ ભવિષ્યમાં લાગુ જમીનને આવવા–જવા માટે રસ્તો–આપવાનો થાય તો તમામ સભ્યોએ બીનશરતી બીન અવેજે સહી–સંમતિ આપવાની છે જે તમામને બંધનકર્તા છે.

આ સંકુલના તમામ મેમ્બરો (બંગલા, ફ્લેટસ, દુકાન–ઓફિસના સભ્યો) એ ભવિષ્યમાં એક વહીવટી સોસાયટી બનાવવાની રહેશે અને તે સોસાયટી જે કોઈ નિયમો બનાવે તે તમામ સભ્યોને બંધનકર્તા રહેશે. સોસાયટી વહીવટી ખર્ચ, મેન્ટેનન્સ ખર્ચ, રીપેરીંગ ખર્ચ વગેરેની વહેંચણી–હાલમાં કે ભવિષ્યમાં જે રીતે નકકી કરવામાં આવે તે રીતે ભાગે પડતા આપવાના રહેશે.

ભવિષ્યમાં સરકારશ્રી તથા કોઈપણ સરકારી ખાતા તરફથી જે કોઈ નિતિ–નિયમ લાગુ કરવામાં આવે તે તમામ દરેક સભ્યને બંધનકર્તા રહેશે અને તે તમામનો ખર્ચ તેમણે ભોગવવાનો રહેશે.

આ મિલ્કત વેચાણ રાખનાર સાથે આજસુધી જે કોઈ બાનાખત કે કરાર કરેલ હોય તે આ દસ્તાવેજ થતા હવેથી રદબાતલ રહેશે. તેમજ વેચાણ રાખનારે વેચાણ અવેજ ઉપરાંત નિયમ અનુસાર સર્વિસ ટેક્ષ અલગથી ચૂકવવાનો છે.

સદરહું વેચાણ આપેલ મિલ્કતમાં લાઈટ કનેકશન, પાણી કનેકશન,ગટર કનેકશન, વિગેરે જે કાંઈ કનેકશનો છે તેવા તમામ કનેકશનો, અંગે જે કાંઈ સંયુકત ખર્ચ થાય તે તમામ ખર્ચ તમો વેચાણ રાખનારે ભાગે પડતો ભોગવવાનો રહેશે.

હવેથી સદરહું દુકાનને હમો કે હમારા વંશ–વાલી–વારસો–સકસેસરો એસાઈનીઓ ટ્રાન્સફરીઓ–એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તરફથી હરકત હીલ્લો થાય અને તેથી કરીને તમારા કબજામાંથી જાય તો તેના જવાબ હમો તથા હમારા સકસેસરો– એસાઈનીઓ–ટ્રાન્સફરીઓ–એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામ, તમો તથા તમારા વંશ–વાલી–વારસો ઈત્યાદી તમામને જવાબ, હમો તમોને દઈએ સહી.

ભવિષ્યમાં સદર બિલ્ડીગના ઉપરના ભાગમાં આવેલ મંજુર થયેલ નકશા મુજબ બાકી પડતી બેલેન્સ (એફ.એસ.આઈ.) નું જયારે પણ બાંધકામ કરવાનું થાય ત્યારે તમામે તમામ ફ્લેટ હોલ્ડરોએ તથા તમામે તમામ દુકાન હોલ્ડરોએ કોઈપણ જાતનો વાંધો, વચકો, અવરોધ, અંતરાય કરવાના નથી. અને જો કરીએ તો સદર દસ્તાવેજ થકી રદબાતલ અને નીર્થક ગણાશે. તથા બેલેન્સ (એફ.એસ.આઈ.) તથા તેની ઉપરના ભાગમાં આવેલ ટેરેસની માલીકી હમો વેચાણ આપનારની રહેશે.

........૪/–

વેચાણ આપનારની સહી **વેચાણ રાખનારની સહી**

સદરહું દુકાનની આજુબાજુ, ઉપરના ભાગે આવેલા બાંધકામો, દુકાનની ઉપર આકાશ તરફ આવેલ ધાબુ યાને કે સ્લેબ, અગાશી, ટેરેસીસના ભાગો કે આજુબાજુના બાંધકામો કે જે વેચાણ આપેલી દુકાન વાળી આખી મિલ્કતોના કોઈપણ કોમન ભાગ હીસ્સા ગણાતા હોય તે તમોને વેચાણ આપેલ નથી. એટલે કે ફકત દુકાનની અંદરના બાંધકામવાળો ભાગ જ વેચાણ આપેલ છે. એટલે કે ફકત દુકાનની અંદરના બાંધકામવાળા ભાગ પુરતા જ તમો સ્વતંત્ર માલીક મુખત્યાર છો. તે સિવાય પાર્કીંગની જગ્યા, ખુલ્લી જગ્યા, રસ્તાઓની, માર્જીનની ખુલ્લી જમીનો, અન્ય બાંધકામો, તેમજ બાંધકામોની ઉપરની ખુલ્લી જગ્યા, મજલા, પેસેજીસ, દાદર વગેરે ઉપર માલીકી કબજા ભોગવટા તમામ હકક ધારણ કરનારાઓ, માલીકોના ભેગા સંયુકત છે.

સદરહું દુકાનને તમોએ કાયમ માટે વાપરવાને પાત્ર સારી હાલતમાં તમારા ખર્ચે અને જોખમે રાખવાનો છે. સદરહું દુકાનવાળા બીલ્ડીંગને કે આજુબાજુની દુકાનો, મિલ્કતોને નુકશાન થાય નહી, તે રીતે ઉપયોગ ઉપભોગ કરવાનો રહેશે.

તમો ખરીદ લેનારાઓએ મજકુર સંકુલ અંગેની ખરીદીના દસ્તાવેજો, પ્લાન, નકશાઓ, ખાતાકીય મંજુરીઓ વિગેરે જાયેલા છે તપાસેલા છે. તથા સદરહું દુકાનની પુરતી ચકાસણી, માપ, વિગેરેનું ઈન્સપેકશન કરી, કરાવી તેને મંજુર રાખી સદરહું વેચાણ રાખેલ છે અને તેની આથી કબુલ સ્વીકારીને દુકાનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો લીધો છે કે જેથી ભવિષ્યમાં દુકાન અંગે કે તેમાં વાપરેલી ચીજ વસ્તુઓ અંગે તર તકરાર, વાંધો વચકો, હરકત, હીલ્લો, અવરોધ કાંઈપણ કરવાનો નથી છતા કોઈ કરે તો તે આથી રદબાતલ છે.

સદરહું વેચાણ આપેલ દુકાન નંબર વાળા બિલ્ડીંગના તમામ સભ્યોએ આર.સી.સી. સ્ટ્રકચરમાં પોતાની રીતે કોઈપણ જાતનું કાર્ય કરવાનું નથી. અને જો કરવાનું થાય તો તેની મંજુરી સોસાયટી ઓફીસ તથા સરકારી લાગુ પડતી ઓર્થોરીટી પાસેથી લેવાની રહેશે. જો પરવાનગી લીધા વગર કોઈ કાર્ય કરશે અને તેમ કરતા બિલ્ડીંગમાં કોઈપણ જાતનું નુકશાન થાય તો તેની તમામ જવાબદારી જે તે સભ્યની રહેશે.

સદરહું દુકાનની ખરીદીની કિંમત કે તેથી વધુ રકમના આગ, લુંટ, ધરતી કંપ, કુદરતી, બીન કુદરતી, માનવ, સર્જીત આફતોના વિમા તમોએ કાયમ માટે સમયસર અને નિયમીત લેવાના છે. તેના પ્રિમીયમ પણ તમોએ કાયમ માટે અને સમયસર અને નિયમીત ભરપાઈ કરવાના છે. ઉપરોકત આફતોને કારણે થતા કોઈપણ પ્રકારના ખર્ચ કે નુકશાની વિગેરેની જવાબદારી ફકત વેચાણ રાખનારની રહેશે સહી.

સદરહું મિલ્કત તદન ચોખ્ખા ટાઈટલવાળી છે. જેના ઉપર કોઈપણ વ્યકિત પેઢી–સોસાયટી –નિગમ મંડળીનું દેવું કે બોજો નથી તેમજ તેના ઉપર કોઈના ખોરાકી પોષાકીના હકકો પોષાતા નથી કે હાલમાં ચાલુ જારી નથી. સદરહું મિલ્કત ઉપર કોઈપણ જાતનું હુકમનામું થયેલ નથી કે બજેલ નથી કે હાલમાં ચાલુ જારી નથી. સદરહું મિલ્કત ટાંચમાં જપ્તીમાં કે અવલ જપ્તીમાં આવેલ નથી.

સદરહું દુકાનવાળી બિલ્ડીંગની અડીને તથા સંકુલમાં જે કાંઈ માર્જીનની રોડ, અંગેની ખુલ્લી જગ્યા જમીનો આવેલી હોય તથા બીજા જે કાંઈ કોમન પેસેજ, દાદર, સીડી, પેસેજીસ, આવેલા હોય તેનો ઉપયોગ અન્ય મિલ્કતદારો, કબજેદારો, ફલેટ હોલ્ડરો, હકક ધારણ કરનારાઓ સાથે એક બીજાને અવરોધ–અંતરાય નહી થાય તે રીતે વાપરવાનાં છે. આવવા જવા, વાહનો, કનેકશનો વિગેરે લાવવા લઈ જવાના છે. રસ્તાઓ, માર્જીનની જમીનો, બીજી અન્ય ખુલ્લી જમીનો, તથા બીજી અન્ય મિલ્કતો તથા કોમન પેસેજીસ, દાદર, સીડી વગેરેના માલીકી કબજા ભોગવટા વગેરે તમામ દુકાન હોલ્ડરોના સંયુકત રહેશે.સદરહું સર્વે નંબરની જમીનના આંતરિક રસ્તા ડેવલપ કરવા માટે સરકારી ઓર્થોરીટીને સુપ્રત કરવા પડે તો તે બીનઅવેજે બીન તકરારે વેચાણ રાખનારે સુપ્રત કરી, તેમાં જોઈતી સહી–સંમતી કબુલાત, ખાત્રી આપવાની છે. તમામ દુકાન ધારકોને સદરહું સંકુલમાં આવેલ કોમન ગાર્ડન, કોમન હોલ, સોસાયટીના આંતરીક રસ્તાઓ તથા અગાસીઓ વિગેરેને વાપરવાના હકક આપેલ નથી.

........૫/–

<u>વેચાણ આપનારની સહી</u> | <u>વેચાણ રાખનારની સહી</u>

સદરહું વાણીજય હેતુમાટેની દુકાનની માલીકી (કે જેનો સુપર બિલ્ટઅપ એરીયા ______________)તમો વેચાણ રાખનારની આ દસ્તાવેજથી થાય છે. આ અગાઉ જે જે હકકો અને જવાબદારી હમો વેચાણ આપનારની હતી તે તમામ આ દસ્તાવેજની તારીખથી તમો વેચાણ રાખનારની ગણાશે.

સદરહું દુકાનવાળા બીલ્ડીંગમાં કે બીલ્ડીગ અંગે જે કાંઈ કોમન પાણીની ટાંકી, ગટર, નળ, દાદર, સીડી, માર્જીનની જમીન, રીપેરીંગ, જાળવણી, સ્ટ્રીટ લાઈટ, રસ્તાઓ, સફાઈ, મેઈનટેનન્સ, ડેવલપમેન્ટ, વગેરે અંગે જે કાંઈ સામુહીક ખર્ચાઓ થાય કે કરવા પડે તે અંગે જે કાંઈ બીલ આવે કે ચોકીદાર, સાફ સફાઈ કરનાર અન્ય કારીગરો વગેરે અંગેના પગારો ચુકવવાના થાય કે આપવાના થાય કે બીજા કોઈપણ જાતના નાણા, ખર્ચાઓ, આપવાના થાય તો તેમાં તમોએ કાયમ માટે તે ભાગે પડતા આપવાના છે, તથા જોઈતા સાથ, સહકાર ,મદદ, આપવાનાં છે, અને જો તેમ નહી આપો તો અન્ય માલીકો, દુકાન હોલ્ડરો, કબજેદારો, વગેરે તમામ તમારી પાસે તમારા ખર્ચે અને જોખમે વસુલ લેવાને હકકદાર છે અને રહેશે સહી, તેમા તમારી તર તકરાર નહી અને કરો તો આ કરારના આધારે રદબાતલ છે.

સદરહું દુકાનનું તળીયુ હાલમાં જે હાલતમાં છે તે જ હાલતમા તમારે કાયમ માટે રાખવાનું છે. દુકાનના સ્લેબમાં તમોએ કોઈ ખાડા, ખોદકામ, કરવાના નથી પરંતું ટાઈલ્સ વગેરે બદલાવી હશે તો બદલાવી શકશો. સદરહું દુકાનની અંદર ઉપર આકાશ તરફ જે સ્લેબ આવેલ છે તેમાં પણ તમોએ ખોદકામ ફેરફાર કરવાનાં નથી. પરંતુ સ્લેબમાં સીલીંગ–લાઈટ–પંખા–હુકસ–ડેકોરેશન વિગેરે ફીટ કરી શકશો. સદરહું દુકાનની રાસીયા દિવાલો હાલમા જે હાલતમાં છે તે જ હાલતમાં કાયમ રાખવાની છે. રાસીયા દિવાલોનું જરૂરી રીપેરીંગ લાગુ હકકદાર, મિલ્કતદાર વિગેરેએ સાથે મળી સમજીને કરવાનું છે. સદરહું દુકાનને તમોને કાયમ માટે સારી હાલત અને વાપરવાને પાત્ર રાખવાની છે. જો તેમ કરવામાં કસુર કરશો તો આજુબાજુવાળા મિલ્કતદારો તમારા હિસાબે અને સદરહું રીપેરીંગ કરાવશે અને તે અંગેના સઘળા ખર્ચ તમોએ ભરપાઈ કરી આપવા પડશે. જો તે કરવામાં કસુર કરશો તો તથા ખર્ચ –નુકશાન–નુકશાની સહીત વસુલ કરવાને અન્ય માલીકો હકકદાર છે. તેમાં તમારી કે તમારા વંશ–વાલી–વારસોની તકરાર નહી અને જો કરે તો તે આથી રદબાતલ છે.

હાલમાં અગર ભવિષ્યમાં જે કાંઈ બાંધકામો થાય કે રીપેરીંગો–રંગરોગાનો થાય તે વખતે તમામ માલીકો કબજેદારોએ એક બીજાને જોઈતા સાથ–સહકાર–મદદ –સહયોગ આપવાનાં છે. પાલખ, દોરડા, વાંસ, વડીઓ વિગેરે બાંધવા દેવાનાં છે. તેમાં તમારી કે તમારા વંશ–વાલી –વારસોની વિગેરેની કોઈપણ જાતની તર તકરાર રહેશે નહી. અને કોઈ કરે તો તે રદબાતલ છે.

સદરહું દુકાનના ઉપરના ભાગે, સ્લેબની ઉપરના ભાગે કે સંકુલમાં જે તે માલીકો ભોગવટેદારો બાંધકામો કરે તે બાંધકામોનું છાપરા, ધાબા, અગાસી, ટેરેસીસ વગેરેના વરસાદના પાણી રસ્તા તરફ વાળવા માટે તથા લાવવા માટે જે કાંઈપણ પાઈપ્સ, ફીટીંગ્સ વગેરે દુકાનની દિવાલો ઉપર મુકવા પડે તો તે તમારે કાયમ માટે મુકવા દેવાના છે અને અન્ય સેનીટેશન, ઈલેકટ્રીફીકેશન અંગેની ફીટીંગો, ટેલીફોન, ટી.વી., કેબલ ટી.વી., લાઈટ, પાણી, ગટર, ગેસ વિગેરે સુવિધાઓ અંગેના વાયરો, કનેકશનો તથા પાઈપ્સ, ફીટીંગ્સ, અંગલો, હુકસ વગેરે તમામ દુકાનની ભીતો પર તથા કોમન પેસેજીસ, દાદાર, સીડી, રસ્તાઓમાં કાયમ માટે લગાડવા માટેની તમોએ આથી કબુલાત આપી છે, તે માટે કાંઈપણ આડખીલી, હરકત હીલ્લો વગેરે તમો કે તમારા વંશ–વાલી–વારસોએ ઉઠાવવાના નથી અને ઉઠાવશે તો તે આથી રદબાતલ છે.

........૬/–

વેચાણ આપનારની સહી | **વેચાણ રાખનારની સહી**

______________ ______________

સદરહું દુકાન તથા દુકાનની સાથે લખી આપવામાં આવેલી અનડીવાઈડેડ શેર ઓફ લેન્ડની જમીન, કોમન રોડ રસ્તાની જમીન ના ટેક્ષીસ–શેષવેરા હાઉસ ટેક્ષ–શિક્ષણ વેરા એકત્રીત વેરા–જનરલ વોટર ટેક્ષ–ડ્રેનેજ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, સ્ટેમ્પ ડયુટી, બિનખેતી વેરો, ઈમ્પેકટ ફી, બીજા શેષવેરા– સ્થાનિક કરવેરા વિગેરે હવે પછીના અમલમાં હોય તે, વધારાઓ થાય તે, ભવિષ્યમાં નવા અમલમાં આવે તે તમામ તમો વેચાણ રાખનારે ભરપાઈ કરવાનાં છે. સદરહું દુકાન અંગેના આજદીન સુધીના ટેક્ષીસ–રકમ–બોજાઓ શેષવેરાઓ ચાર્જ–લીયન– વિગેરે તમામ અંગેની કાયદેસરની જવાબદારી હમારી હતી, તે હમોએ ભરી દીધા છે.

ભવિષ્યમાં કુદરતની કોઈપણ જાતની આફત આવે તો તેવા સંજોગોમાં આસમાની સુલતાની થાય અને હોનારત થાય, ધરતી કંપ થાય અને સદરહું બાંધકામવાળી બીલ્ડીંગ પડી જાય અથવા તો તેને નુકશાન થાય તો તે વખતે લાગુ મજલાઓના હકક ધારણ કરનારા અને આજુબાજુના દુકાન હોલ્ડરોના હકકોને નુકશાન થાય નહી તે રીતે જરૂરી ખાતાકીય મંજુરી લઈને આર્કીટેકટ તથા સ્ટ્રકચર એન્જીનીયરના અભિપ્રાય મુજબ બાંધકામ કરવાનું રહેશે. અને તે અંગેના સઘળા ખર્ચ વિગેરે દુકાન હોલ્ડરો તથા કબજેદારો તથા હકક ધારણ કરનારાઓ વિગેરેએ મળી સમજીને કરવાના રહેશે. અને તે માટે દરેકે સહકાર–સહયોગ–મદદ કરવાની રહેશે અને ખર્ચનો પોતાના ફાળે આવતો હીસ્સો દરેક સભ્યોએ ભોગવવાનો રહેશે અને ભરપાઈ કરી આપવાનો રહેશતેમાં તમારા કે તમારા વંશ–વાલી–વારસોની તર તકરાર હરકત હીલ્લો નહી અને કોઈ કરે તો તે કાયદેસર રદબાતલ છે.

હવેથી સદરહું મિલ્કત સરકારી દફતરે–રેવન્યુ દફતરે–તલાટી દફતરે–પંચાયત દફતરે–મામલતદાર દફતરે– સોસાયટીના દફતરે તથા સ્થાનિક સંસ્થાના દફતરે તમારા નામ ઉપર દાખલ કરાવવા તથા લાઈટ કનેકશન ડી.જી.વી.સી.એલ.માં, તમારા નામ ઉપર દાખલ કરાવવા આ દસ્તાવેજના આધારે તમારા ખર્ચે અને જોખમે તમોએ કરાવવાના છે અને તે માટે ભવિષ્યમાં અગર જયારે અને જયા હમારી કે હમારા સકસેસરો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, એડમીનીસ્ટ્રેટરો, એકઝીકયુટરો,વંશ– વાલી– વારસો વગેરેની સહી–સંમતિ કબુલાત વગેરેની જરૂર પડે તે તમામ અમોએ આપવાના છે, અપાવવાના છે.

સદરહું વેચાણ આપેલી મિલ્કતમાં કોઈપણ જાતના ઘોંઘાટ કે અવાજ, ગેરકાયદેસર, ગેર કાનુની તથા દુકાનવાળા બિલ્ડીગને કે આજુબાજુ ઉપર નીચેના ભાગે આવેલ મિલ્કતોને નુકશાન–ન્યુસન્સ થાય તેવા કૃત્યો કરવાના નથી. સદરહું મિલ્કતમાં જલ્દીથી સળગી ઉઠે એવા અન્ય હાનિકારક પદાર્થ કે માલસામાન વેચાણ લેનાર રાખી શકશે નહી. સદરહું સંકુલમાં તથા દુકાનવાળા બિલ્ડીંગમાં, આવેલ કોઈપણ કોમન પેસેજીસ, દાદર, સીડી, ટેરેસીસ, રસ્તાઓ, માર્જીનની જમીનોમાં વિગેરેમાં કોઈપણ જાતનું તમોએ કે બીજાઓએ દબાણ–અવરોધ–અંતરાય, હેરાનગતી, પરેશાની વિગેરે કાંઈપણ કરવાના નથી.

સદરહું **"<u>અક્ષર આઈકોન્સ</u>"** સંકુલમાં હાલમાં કે ભવિષ્યમાં જે કોઈ નિતી નિયમો બનેલ હોય કે બનાવવામાં આવે તેવા તમામ નિતી નિયમોને આધીન રહીને તમો વેચાણ રાખનારે તમામ નિતી નિયમોનું પાલન કરવાનું છે. જો તેમ કરવામાં તમો વેચાણ રાખનાર કસુર કરો તો તે અંગેની તમામ જવાબદારી તમો વેચાણ રાખનારની રહેશે.

ગટર પાણીના નિકાલ માટે અક્ષર આઈકોન્સ સંકુલમાં આવેલ તમામ સગવડો, પાઈપ લાઈનો, કાયમ માટે ચાલુ હાલતમાં રાખવાની રહેશે અને તે માટે સાફ, સફાઈ તથા યથા યોગ્ય જાળવણી તથા રીપેર અને મેઈનટેનન્સ કરવાની રહેશે. અને તે માટે કરવો પડતો તમામ ખર્ચ અક્ષર આઈકોન્સના દરેક સભ્યોએ ભાગે પડતો તથા સરખે હીસ્સે કરવાનો રહેશે.

ઉપરોકત મિલ્કત પેટેના પાણી, ગટર, લાઈટ વિગેરે તમામના વપરાશી ચાર્જ, કનેકશન ચાર્જ, ડીપોઝીટ, બાંધકામ ડીપોઝીટ, લેબર વેલફેર, વિગેરે તમામ ખર્ચ વેચાણ આપનારે ભરેલ છે.

.........૭/–

<u>વેચાણ આપનારની સહી</u> | **<u>વેચાણ રાખનારની સહી</u>**

________________ | ________________

સદરહું વેચાણ આપેલ દુકાનની કુલ બજાર કિંમત **રૂા.** નકકી કરેલ છે. અને તેના ઉપર પ્રવર્તમાન કાયદા મુજબ ૪.૯૦ % લેખે રૂા. ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર આ દસ્તાવેજ કર્યો છે. આ સાથે જરૂરી ફોર્મ નંબર–૧ –૩૨ (ક) સામેલ છે.

સદરહું દસ્તાવેજમાં તમામ કાગળોની પાછળની સાઈડ કોરી છે, તે દસ્તાવેજ કરતી વખતની અસલ છે.

વેચાણ આપનાર આદી જાતિના નથી.

આ રજી. વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી–રજી.ફી–રીકવરી સ્ટેમ્પ ડયુટી–દંડ–વસુલાત–સેલ ટેક્ષ વિગેરે તમામ વેચાણ રાખનારના શીરે છે અને રહેશે સહી.

પ રિ શિ ષ્ટ

ડી. ભરૂચ, સબ ડી. તાલુકા અંકલેશ્વર, મોજે ગામ **અંદાડા ની હદમાં,** આવેલ વાણીજયના હેતુસરની બીનખેતી ઉપયોગની જમીન ઉપર **અક્ષર આઈકોન્સ**નાં નામથી ઓળખાતુ સંકુલ આવેલ છે, જે વિગતે,

મોજે ગામ	રે.સર્વે નંબર	ક્ષેત્રફળ ચો.મી.
અંદાડા	૩૪૭	૧૬૦૦૦–૦૦

પૈકી ની જમીનમાં **અક્ષર આઈકોન્સ** નામનું સંકુલ

આવેલ છે તે પૈકી**બિલ્ડીંગ**ના **માળ** ઉપર આવેલ **દુકાન નંબર**જેનું **કારપેટ એરીયા ચો. મી.**

. . . .

બિલ્ટઅપ એરીયા ચો. મી. છે.

.

આ બાંધકામ કરેલ મિલ્કત અથવા તો જગ્યા, પરંતુ તેની આજુબાજુ, ઉપર નીચે, આગળ, પાછળના ભાગે આવેલ અન્ય મિલ્કત, પેસેજ, દાદર, લીફટ, પાણીની ટાંકીઓ, માર્જીન વગેરેની મિલ્કત સિવાય, જેમાં વધુમાં વધુ ૩.૦૦ મીટરની ઉંચાઈ સુધીના બાંધકામ અંગેના માલિકી હકક છે તથા સદરહું મિલ્કતના હીસ્સામાં આવતી વણ–વહેચાયેલી અને અનડીવાઈડેડ શેર ઓફ લેન્ડની જમીન ________ **ચો.મી.** છે

કે જેની ચતુરદીશા નીચે મુજબ છે.

પુર્વે :–
પશ્ચિમે :–
ઉતરે :–
દક્ષિણે :–

સદરહું વાણીજયના હેતુ માટેની દુકાન મિલ્કતની માલીકી તમો વેચાણ રાખનારની આ દસ્તાવેજથી થાય છે. આ અગાઉ હમોને જે જે હકકો સદરહું મિલ્કત પરત્વે પ્રાપ્ત થયા છે તે તમામ હકકો આ દસ્તાવેજથી તમોને પ્રાપ્ત થાય છે.

.....૮/–

વેચાણ આપનારની સહી **વેચાણ રાખનારની સહી**

________________ ________________

ડી. ભરૂચ સબ ડી. તા. અંકલેશ્વરના મોજે ગામ **અંદાડા**ની સીમમાં **<u>અક્ષર આઈકોન્સ</u>** મધ્યે આવેલ એન.એ. થયેલ બીનખેતીની ખુલ્લી જમીન કે જેનો **<u>રે.સર્વે નંબર–૩૪૭ પૈકી</u>** પૈકી ________ **<u>ફલોર ના ભાગ ઉપર આવેલ દુકાન નંબર–</u>** ____________ છે. જેના ફોટા નીચે ચોટાડેલ છે.

<u>વેચાણ આપનારની સહી</u> ______________________

<u>વેચાણ રાખનારની સહી</u> ______________________

આ દુકાનનો રજી. વેચાણ દસ્તાવેજ હમોએ હમારી રાજીખુશીથી વાંચી– વંચાવી– સમજી – વિચારી– માનસીક–શારીરિક બીનકેફ તંદુરસ્ત હાલતમાં કોઈના પણ કોઈપણ જાતના દાબ–દબાણ સિવાય ઉપર જણાવેલ અવેજની રકમ લઈ આ ફ્લેટનો વેચાણનો દસ્તાવેજ હમોએ તમોને કરી આપ્યો છે જે હમોને તથા હમારા વંશ–વાલી–વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે, અને રહેશે સહી.

તારીખ :– – –૨૦

અત્રે:::સહી

<u>વેચાણ આપનારની સહી</u>

અક્ષર ઈન્ફ્રા નામે ભાગીદારી પેઢીના
વહીવટકર્તા ભાગીદારો પૈકીના ભાગીદાર

____

(રમેશકુમાર છગનભાઈ પડશાળા)

તત્રે::શાખ

૧) ____________________

૨) ____________________

આ દુકાનનો રજી. વેચાણ દસ્તાવેજ હમોએ હમારી રાજીખુશીથી વાંચી– વંચાવી– સમજી – વિચારી– માનસીક–શારીરિક બીનકેફ તંદુરસ્ત હાલતમાં કોઈના પણ કોઈપણ જાતના દાબ–દબાણ સિવાય ઉપર જણાવેલ અવેજની રકમ લઈ આ ફલેટનો વેચાણનો દસ્તાવેજ હમોએ તમોને કરી આપ્યો છે જે હમોને તથા હમારા વંશ–વાલી–વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે, અને રહેશે સહી.

તારીખ :– – –૨૦

અત્રે::સહી

વેચાણ આપનારની સહી

અક્ષર ઈન્ફ્રા નામે ભાગીદારી પેઢીના
વહીવટકર્તા ભાગીદારો પૈકીના ભાગીદાર

____
(રમેશકુમાર છગનભાઈ પડશાળા)

તત્રે::શાખ

૧) ____________________________

૨) ____________________________